SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 75. ભાતીગળ જગતમાં ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિની આગવી ઓળખ

*કુમારખાણિયા હેતલબેન ભાણજીભાઈ*

આપણા આ દેશમાં જુદા-જુદા ધર્મના અનેક લોકો વસે છે. તે પોતાના ધર્મ, સંસ્કૃતિ અને બોલીથી ઓળખાય છે. જેના કારણે તે અન્ય વિસ્તારના લોકોથી તે જુદા પડતાં નજરે પડે છે. દરેક સમાજને પોતાની આગવી ઓળખ હોય છે. દરેક વિસ્તારની પણ જુદી-જુદી ખાસિયત હોય છે. એવા જ એક વિસ્તારની વાત કરીએ તો ઉત્તર ગુજરાત અનેક ખાસિયતોથી પોતાની આગવી ઓળખ ઉભી કરે છે.

ગુજરાત રાજ્યનો ઉત્તરનો ભાગ ઉત્તર ગુજરાત તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ અને ગાંધીનગર જિલ્લાઓનો સમાવેશ થાય છે. ઉત્તર ગુજરાતની પૂર્વએ સાબરકાંઠા તેની ઉત્તરે રાજસ્થાનનો મારવાડ દેશ, પચ્છિમે પાકિસ્તાન અને દખ્ખણે અડાલજ, અમદાવાદનો સીમા વિસ્તાર ધરાવે છે. પાટણ જિલ્લાના સાંતલપુરથી લઈને પૂર્વમાં સાબરકાંઠાના શામળાજી, ધનસુરા, મોડાસા અને ઉત્તરે રાજસ્થાનનો મારવાડ પ્રદેશને દક્ષિણે મહેસાણા જિલ્લાના બહુચરાજી, કડી અને ગાંધીનગરનો વિસ્તાર, જેમાં મહેસાણા, હિંમતનગર, સિધ્ધપુર, પાલનપુર, ગાંધીનગર જેવા શહેરો આવે છે. તેની એક તરફ રાજ્યની સીમા એક તરફ દેશની સીમા ને બીજી બાજુ ભારતીય પ્રાદેશિક વિસ્તારની સાથે તેનો સાંસ્કૃતિક સંબંધ રહેલો છે. ઉત્તર ગુજરાતમાં શામળાજીના પ્રખ્યાત વૈષ્ણવતીર્થો, અંબાજી અને બહુચરાજી જેવી શક્તિપીઠો આવેલી છે. અરવલ્લી અને વિધ્યાચલની પર્વતશૃંખલા જેસોર વન્ય અભ્યારણો અને એક બાજુ કચ્છની નાના રણની કાંધી વિસ્તાર આવેલો છે. પર્ણાસા, રુપેણ અને સરસ્વતી વિશ્વની એકમાત્ર નદીઓ તેમાં આવેલી છે. મોઢેરાનું સૂર્યમંદિર, પાટણની રાણકીવાવ, સિધ્ધપુરનો રુદ્રમહાલય, વડનગરનું કીર્તિતોરણ, કુંભારીયાને દેલવાડાના દેરા, તરંગાનાં પર્વતો, જૈન દેરાસર, પાકિસ્તાન બોર્ડર ઉપર આવેલું નડેશ્વરી માતાજીનું મંદિર, વસણાનું ખોડિયાર મંદિર અને તેનો પંદર દિવસનો લોકમેળો અને સિધ્ધપુરનો કાત્યોકનો લોકમેળો અને વિશ્વનું એકમાત્ર માતૃશ્રાદ્ધ અને તર્પણ તીર્થ એવું સિધ્ધપુરનું બિંદુસરોવર, ખેડબ્રહ્મા અને સાબરકાંઠાની આદિવાસી વસ્તી અને તેની લોકવિરાસત એમ અનેક વિસ્તાર ધરાવે છે. તેના આ વિસ્તારમાં પટ્ટણી બોલી વિશાળ ભેદે તો નાના પાયે ભીલી, મારવાડી જેવી અનેક બોલીઓનો આ વિસ્તારને મળેલો છે. ઉત્તર ગુજરાતના આ પ્રદેશમાં વાગડ, વાવેશી, વઢિયાર, હિંદવાણી, ડીસાવલ, જતોડા અને ચોરાડ એમ પેપાપ્રાદેશિક વિસ્તારોની વિરાસત આવેલી છે. તો વિશ્વની સૌથી જૂની પર્વતમાળા અરવલ્લીની પર્વતમાળા, આમ આ ભૌગોલિક વિરાસતની સાથે આ વિસ્તારમાં આદિવાસી વસ્તી, આંજણા ચૌધરી, દેશી મારવાડી અને પાટણવાડિયા રબારી, ડુંગરીગરાસિયા, કડવા અને લેઉવા પાટીદારો, ક્ષત્રિયો અને અન્ય અનેક જ્ઞાતિઓનો વારસો ધરાવે છે.

લોકસાહિત્ય એટલે લોકોદ્વારા ખેડાયેલું સાહિત્ય. દરેક પ્રદેશમાં પ્રદેશાનુસાર લોકસાહિત્ય જોવા મળે છે. જેમાં ઉત્તર ગુજરાતના લોકસાહિત્યમાં લોકકથાઓ જેમાં અનેક સ્થાપત્યો, સ્મારકો, વીરતા ને ત્યાગ બલિદાનની કથાઓનાં ઉદાર ચરિત્રો બને તેવા રાજવીઓ, નર પટાધરો અને સામાન્ય માનવીનો ત્યાગ, વીરતા, બલિદાન, સમર્પણ, ન્યાય માટે થતાં બલિદાન કે બહારવટિયાની કથાઓ અહીં જોવા મળે છે. લોકકથાઓમાં 'પારકી નાત', 'પારકી છઠ્ઠીનાં જાગતલ', 'ડંખીલો દાદભા', 'મંગળભાની મરદાનગી', 'વીર વાસીયાદાદા', 'વીર વાછડોદાદો', 'ભડવીર ભીમોજી', 'કુંવર અળવીલો', 'રાજા અને ગઢવીની શરત', 'દુદોને દુદણસી', 'રાણો રાજપુત', 'અમરસંગ આખલીવાળા', 'કોના નસીબનું ફળ', 'રોટલાનું પુન', 'કાળજું', 'પતિ કોણ', 'ચાર ભાઈબંધો', 'તલ કાળા તલ ધોળાં', 'નાગ અને વેઢ', 'દીપા ઝાંપડીની વાત', 'ભલો અને ભૂંડો જેવી સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા વિસ્તારની લોકકથાઓ છે.

આ ઉપરાંત પાળિયાઓની કથાઓ સંશોધકો, બારોટો, ગઢવીઓએ અથવા તો કંઠપરંપરામાં સાચવી છે. ઉત્તર ગુજરાતમાં પણ મોટા ભાગના ગામોમાં પાળિયાઓ આવેલા છે. આ પાળિયાઓ મોટાભાગે ગામ પાસેના તળાવને કાંઠે અગર તો જ્યાં શૂરવીર કામ આવ્યો હોય ત્યાં રોપાયેલા માલૂમ પડે છે. પાળિયાનું મુખ હંમેશા પૂર્વ દિશા તરફ જ રાખવામાં આવે છે. કેટલાંક પાળિયાઓ લોકજીવનમાં ખૂબ બળવાન અને ચિરંજીવી છાપ ધરાવે છે. આવા પાળિયાઓ સમાજમાં 'લોક દેવતા' તરીકે પણ પૂજાય છે. આવા પાળિયાઓ પર શિવમંદિરો કરતાં પણ મોટાં ભવ્ય મંદિરો બનાવાયાં છે. ઈશ્વર કરતાં પણ વધુ શ્રધ્ધાથી અને પ્રચંડ આસ્થાથી આવા શૂરાપૂરાને લોકો પૂજે છે. પાળિયા ઉપર હંમેશા

લેખ કંડારાય છે. જે પાળિયા પર લેખ કંડારાયેલ હોય તેમાં પ્રથમ સંવત, ત્યારબાદ મહિનાં, પછી સુદ કે વદ, પછી તિથિ અને અંતે વાર લખેલાં જોવા મળે છે. ત્યારબાદ પાળિયો ક્યાં કારણે મુકાયો છે એ ઘટનાનો ટૂંકમાં ઉલ્લેખ મળે છે. ઉત્તર ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં લાકડાના પાળિયા જોવા મળે છે. ઉત્તર ગુજરાતમાં ઘણે ઠેકાણે લગભગ વિપુલ પ્રમાણમાં પ્રાચીન ખંડિત મંદિરો જોવા મળે છે. મુસ્લિમ આક્રમણોને કારણે એ ખંડિત થયેલા મંદિરોના અવશેષો-સમા પથ્થરોમાંથી પાળિયા ઘડી કાઢવામાં આવ્યા છે. પાળિયા માત્ર માનવીઓ કે શૂરાપૂરાઓના જ મુકાયા છે એવું નથી, જાનવરોની વીરતા કે વફાદારીના પાળિયા પણ ઘણે ઠેકાણે મુકાયા છે. માનવ – વિરતા જ પૂજનીય છે એવું નથી, એ સમયે પશુવીરતાની કદર થતી ને પૂજનીય હતી. પશુઓના પાળિયા પર પણ જે તે પશુની આકૃતિને લખાણ હોય છે. સંવત, મહિના, સુદ કે વદ, તિથિ ને વાર, તો પાળિયો મુકાયાનું કારણ પણ કંડારાયેલું જોવા મળે છે. ચમત્કારિક સાધુ – સંતોએ જીવનાં સમાધિ લીધી હોય તો એમના પણ પાળિયા મુકાયા છે. ખેતરપાળનાં પાળિયા પણ મુકાય છે. ખેતરપાળો આરંભમાં ખેતરના દેવ તરીકે ને પછી કાલક્રમે ગામ કે પંથકના દેવ તરીકે પૂજાય છે. કેટલીકવાર આ  પાળિયા ઈતિહાસની ખૂટતી કડી – સમા પણ બની જાય છે, ખોટા ઈતિહાસો સુધારી પણ આપે અને દસ્તાવેજી પૂરાવા બની જાય છે. આ સિવાય બીજી ઘણીબધી લોકકથાઓ ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે. જેમાં, 'રાજગઢી રુધિરે રંગાણી', 'પ્રીત વછોયાં', 'ખુટામણ', 'ખોડી ખાંભી ખળભળે', 'તોગાબાપાની તલવાર', 'ન્યાયને ખાતર શહાદત', 'રખોપું મોટ સાટે', 'ગાયોના વહારું ગોગાજી ચૌહાણ વગેરે.

ઉત્તર ગુજરાતના લોકસાહિત્યમાં ભવાઈનું નામ અસાઈત ઠાકર સાથે અમર છે. જેઓનું વતન સિધ્ધપુર હતું. ભવાઈના મુળ ઉત્તર ગુજરાતમાંથી મળી આવે છે. ભવાઈ વિશેની નીચે મુજબની પંક્તિ જોઈએઃ

"ઠાકર શાખે યજુર્વેદ ઐદિચ્ય સિધ્ધ્ પુર – નગર – નિવાસ
બ્રાહ્મણ ભારદ્વાજી ગોત્રના અસાઈતભુમા પ્રખ્યાત
ઊંઝા ગામે પટેલ હેમાળાની પુત્રી ગંગા ગુણવંત,
શિયળ રક્ષવા શાહ – સભામા ભોળી જમીને રાખ્યો રંગ
જમતા એ  ઠાકરથી ઉપજી નાયક – તરગાળાની જ્ઞાત,
ત્રણસો – સાઠ ભવાઈવેશો રચી આરાધ્યા અમ્બમાત."

આ સાથે ભવાઈના ઈતિહાસ સાથે અસાઈત ઠાકરનું નામ જોડાયેલ છે. ભવાઈમાં મા અંબાની આરાધનાને કેન્દ્રમાં રાખી નાટક ભજવવામાં આવે છે. અસાઈત ૩૬૦ ભવાઈવેશો લખ્યાની લોકવાયકા છે. તેમાં 'રામદેવનો વેશ' જૂનામાં જૂનો છે. આ ઉપરાંત 'કજોડાનો વેશ', 'કાનગોપીનો વેશ', 'ઝંડાઝુલણનો વેશ', 'જસમાં – ઓડણનોવેશ', 'મિયા – બિબ', 'મળિયાર', 'પતઈરાવળ', 'જુઠણ છેલબતાઉ', 'સઘરાજેસંગ' વગેરે વેશ જાણીતા છે. ભવાઈમાં તેઓનું સૌથી મોટું પ્રદાન છે. ત્યારબાદ ભવાઈના વિકાસમાં મહત્વનો ફાળો આપનાર ઉત્તર ગુજરાતના વતની અમૃત નાયક, પ્રાણસુખ નાયક, જયશંકર સુંદરી, બાપુલાલ નાયક વગેરે કલાકારોએ ભવાઈના વેશ ભજવવામાં ગુજરાતી રંગભૂમિના ઈતિહાસમાં પોતાના નામો કંડાર્યા છે.

લોકાખ્યાન વિશે વાત કરીએ તો ડૉ. ભગવાનદાસ પટેલે બહોળા પ્રમાણમાં સંશોધન – સંપાદન કર્યુ છે. જેમાં, 'અરવલ્લીની પહાડની આસ્થા', 'ડુંગરી ભીલોના દેવિયોવાળાના અરેલા : નવલાખ દેવીઓ અને કશ્મીરો', 'અરવલ્લી લોકની વહીવાતો', 'ભીલ લોકોત્સવ ગોર', 'ડોબરિયા ઠાકોરની વારતા', 'દેવરાની વારતા', 'ઑમદેવની વારતા', 'મોતીચરાની વારતા', 'તોળીરૉણીની વારતા', 'રૂપૉરાણીની વારતા', 'હાલો – હુરો', 'સતિયો ખાતુન', 'રૉમદેવની વારતા', 'ગોપીચંદ ભરથરીની વારતા', 'લાલું અરિદાની વારતા', 'ખૂતાંનો રાજવી અને દેવોલ ગુઝરણ', 'ઢોલા મારુણી', 'નાગઝી દલઝી', 'ઝગદે પરમારની વારતા', 'હપિયાદે હાંખલી', 'હોનોલ હોટી' , 'હાંસદેવની વારતા', 'હાલદે હોળંગીની વારતા', 'લાલુ અરિદાની વારતા' વગેરે. જેમાં ભક્તિપ્રધાન, ધાર્મિક પુરાકથાઓ, લગ્ન સમયે ગવાતાં લોકાખ્યાનો અને મરણોત્તર ક્રિયાઓ સાથે સંકળાયેલા લોકાખ્યાનો મળે છે.

લોકસાહિત્યના પ્રખર અભ્યાસી ડૉ. અમૃત પટેલનો મૌખિક પરંપરામાં ઊતરી આવેલ સંશોધન, સંપાદન અને અભ્યાસનો 'આપણા ઓઠાં' ગ્રંથ છે. પરંપરાગત ઓઠાંઓનુ આ સહુ પ્રથમ વૈજ્ઞાનિક સૂઝ – સમજ ધરાવતું સંપાદન છે. તે દ્રષ્ટિએ આપણા ઓઠાં લોકકથા સંપાદન ક્ષેત્રની સીમાસ્થંભી સમી કૃતિ છે. કથાસરિત્સાગરમાં ઓઠાં મુકાયાનો ઉલ્લેખ કરી આ સ્વરૂપ કેટલું પ્રાચીન છે તેની અહીં નોંધ છે. આમાં કુલ બાર પ્રકરણમાં ઓઠાં વિભાજીત કરીને મુકાયા છે. જેમાં, વાણિયા, બ્રાહ્મણ, રબારી, ઠાકોર, હરિજન, ગાંયજા, રજપુત, કુંભાર, દરજી, મોચી અને મિયાં વિષયક ઓઠાંઓ સંપાદિત કરીને મૂકવામાં આવ્યા છે. ઓઠાં એવો પ્રકાર છે જે વિશેષતઃ સ્થાનિક મૂડી હોય છે. બોલીના પ્રયોગની જેમ જ એ લોકજીવનમાં વણાઈ ગયેલા હોય છે. આમાં શબ્દરમત અને બોલે બાંધી લેવાની બાધાઈ અને ચાતુર્યના ઘટકો

જોવા મળે છે. ધૂર્તકથા, કામકથા, ચાતુર્યકથા, બગાસું ખાતા પતાસું મળે એવા યોગાનુયોગની કથા, કોઈ જ્ઞાતિની હાંસી મજાક કરવા માટેની જાતિ – જ્ઞાતિના શબ્દની વ્યુત્પત્તિ કથા, વગેરેને આલેખવામાં આવે છે. ઓઠાં જોઈએ તો :

'નબળો પડોશી તો નડ, નડ ને નડ.'

અને,

'ઘર ખઈ જ્યા હાળા, સેતર ખઈ જ્યા પાળા.'

લોકોના કંઠોપકંઠ લોકકથાઓ છે તેવી જ રીતે લોકગીતો પણ જોવા મળે છે. લોકગીત સ્વરૂપ પદ્યમાં રચાયેલું છે. તેની વિશેષતા તેને અન્ય સ્વરૂપથી જુદું પાડે તેવી હોય છે. લોકગીત એટલે "લોકોએ રચેલું, લોકોને માટે જ રચાયેલું અને લોકોની જ મુખ પરંપરાએ ચાલ્યું આવતું ગીત." લોકગીત સાથે ગેયતા સંકળાયેલી છે. તે ગેયતા અને લય ઉપર આધારિત છે. લોકગીતને આરોહ અવરોહ હોય છે. લોકગીત અને સંગીતનો સંબંધ શરીર અને આત્મા જેવો છે. કોઈ એક ઢાળમાં રચેલું ભજન , પારંપરિક ઢાળને કારણે તથા શબ્દાદિ રચના પારંપરિક હોવાને કારણે લોકપ્રચલિત બની જાય છે. લોકગીતનું વહન લોકસાહિત્યના બીજા સ્વરૂપોની જેમ કંઠોપકંઠ થતું આવ્યું છે. જુની પેઢી લોકગીતો વારસામાં આપે છે. નવી પેઢી તેને સ્મરણશક્તિથી સાચવીને વારસાને આગળ ધપાવે છે. આમ પેઢીથી લોકગીતો સચવાતા આવ્યા છે. આમ, આદિકાળથી લોકગીત અસ્ખલિત રીતે વહેતું આવે છે અને કંઠોપકંઠ ઝીલાતુ આવે છે.

માનવીઓના રીત – રિવાજો, આચાર – વિચાર, ધાર્મિક ભાવના લોકગીતોમાં વણાયેલ હોય છે. આજે જુના સંસ્કારો, પ્રથા, રીત – રીવાજો કે ધાર્મિક ભાવનાઓ બદલાઈ ગઈ છે, સમાપ્ત થવા આવી છે. ત્યારે લોકગીત દ્વારા તેની જાળવણી થઈ રહી છે. લોકગીતમાં સંસ્કૃતિ સુરક્ષિત જોવા મળે છે. આદિકાળથી વહેતું માનવ હ્રદયની ઊર્મિનું ઝરણું તેમાં પ્રતિબિંબિત થાય છે. મૌલિક પરંપરાથી કંઠોપકંઠ જળવાતી આવી છે. ઉત્તર ગુજરાતના લોકગીતોના સંપાદનમાં ડૉ. ભગવાનદાસ પટેલ અને ડૉ. અમૃત પટેલનું અમૂલ્ય પ્રદાન રહેલું છે. ભગવાનદાસ પટેલે ૬૭૭ જેટલા લોકગીતો સંપાદિત કરેલ છે, તથા અમૃત પટેલે ૮૨૫ જેટલા લોકગીતોનું સંપાદન કરેલું છે. આ ઉપરાંત અન્ય સંશોધકો પાસેથી પણ સંપાદિત કરેલા લોકગીતો મળે છે.

લોકગીતના જુદા – જુદા પ્રકારો જોવા મળે છે. લગ્ન પ્રસંગના માંગલિક અને અન્ય લોકગીતો, સીમંત – અધરણીના ગીતો, બાળ – હાલરડાં, બાળ – જોડકણાં, બ્રાહ્મ, ઉજળિયાત વગેરે વર્ણમાં 'બડવા' ને જનોઈ સંસ્કારનાં વિવિધ ગીતો, કન્યા- કિશોરીઓના મોળાકત (ગૌરીવ્રત ), તુલસી વિવાહના ગીતો, સૌભાગ્યવતી અને પ્રૌઢ સ્ત્રીઓનાં વ્રતના ગીતો, નારી સમૂહના રાસડા, ગરબા, માંડવી, માંગલિક પ્રસંગના ઘોળમંગલ, શ્રમહારી ગીતો, મૃત્યુ પછીનાં શોક અને પ્રશસ્તિના છાજિયાં (મરસિયા), આનંદ પ્રમોદના બૌદ્ધિક ગીતો વગેરે ગીતોના પ્રકાર જોવા મળે છે.

ડૉ. અમૃત પટેલના લોકગીત વિષયક સંશોધન-સંપાદનમાં 'કંકુ રે વાયુ', 'મેદી લાલ ગુલાલ', 'મું તો ઢોલે રમું', 'ઝમરખ દીવડો' અને 'આપણો ઉપેક્ષિત વારસો' સંગ્રહો જોવા મળે છે. 'કંકુ રે વાયુ' સંગ્રહમાં કુટુંબચિત્રોવાળા ગીતો, કુટુંબચિત્રોમાં મશ્કરી ટોળટીખળવાળા ગીતો અને વડછડ કે સમસ્યાવાળા ગીતોનો સમાવેશ થાય છે.

'મેંદી લાલ ગુલાલ' લોકગીત સંગ્રહમાં ૧૭૫ જેટલા ગીતો સંગ્રહાયા છે. આ ગીતોને કથાગીતો, બાળગીતો, ઉખાણા વડછડ, હાલરડાં, મરશિયા અને ગરબા, ગરબી વગેરે પ્રકારો જોવા મળે છે. સમાજના કેટલાક વર્ણના લોકો અફીણ, દારૂ, જુગાર, તમાકુની લતમાં જકડાયેલા જોવા મળે છે. જેને ઉદ્દેશીને કેટલાક ગીત રજૂ થયેલા છે. કૃષ્ણાદિ દેવોના ઉલ્લેખવાળા ગીતો, અફીણ, દારૂ, જુગાર, તમાકુ, શિકાર વિશેના ગીતો , તિથિ – ઋતુગીતો, રમત – અભિનય ગીતો, હાલરડાં, નવરાત્રિ ગીતો : ગરબા, રમેલ(રમેણ) વખતે ગવાતા ગીતો અને ભજનાદિ પ્રકીર્ણ ગીતોનો સમાવેશ કર્યો છે.

'મું તો ઢોલે રમું'( લોકાખ્યાન અને રાસડા) સંશોધન સંપાદન ગ્રંથમાં કુલ ૧૧૭ લોકગીતો સંગ્રહાયા છે. જેમાં ચોમાસું ગીતો અને ઉનાળામાં ટોળીબદ્ધ રીતે ગવાતા ગીતોને સંગ્રહાયા છે. આ ગીતોમાં લોકસમાજના વિરત્વની, પ્રણયની, કારુણ્યની, ઓદાર્યની, બુદ્ધિચાતુર્યની, મહાન- પરાક્રમની કે અન્ય વિલક્ષણ બાબતો જોવા મળે છે. એટલું જ નહીં લોકસમાજની અંધશ્રદ્ધા, વહેમ, માન્યતા, જાતિ, ધર્મ, આચાર વિચાર વગેરે દર્શાવી આપ્યા છે.

'ઝમરખ દિવડો' (ઉત્તર ગુજરાતના લગ્નગીતો ) સંપાદિત ગ્રંથમાં ઉત્તર ગુજરાતના કડવાં પાટીદાર સમાજના ૧૮૦ જેટલાં લગ્નગીતો મળે છે. લગ્નોત્સવની વિધિ પ્રસંગ મુજબ ગીતો મૂકવામાં આવેલ છે. જેમ કે, સગપણ – ચાંલ્લા પ્રસંગે ગવાતા ગીતો, જવારા વાવવાના ગીતો, ગણેશસ્થાપના ગીતો, સીમંત ભરવાના ગીતો વગેરે ગીતોને પ્રસંગાનુસાર મૂકેલ છે.

'આપણાં ઉપેક્ષિત વારસો' ગ્રંથને ચાર વિભાગમાં વહેચેલ છે. બાળ જોડકણા, ફટાણાં, મરશિયા અને કણબીના મહિના, શલોકો અને રામગીતો જોવા મળે છે. આ ગ્રંથમાં ૫૨ જેટલાં બાળજોડકણાં, ૧૨૯ જેટલાં ફટાણાં, આઠ મરશિયા અને કણબીના મહિના, રામના મહિના, પાંડવોના શલોકો આપ્યા છે.

ગીતના મુખ્ય ત્રણ પ્રકારો તેના ભાવ, વર્ણન, વિષય વસ્તુ તેમજ રાગ ઢાળના આધારે પાડ્યા છે. પ્રકૃતિગીતો, માનવ સંબંધો કે સામાજિક વહેવારના ગીતો અને ધર્મ કે સાંસૃતિક રીત રિવાજોના ગીતો લોકોને કંઠસ્થ થતાં પ્રસંગોચિત ગવાવા લાગ્યા. અમૃત પટેલનું ગીત :

"વલ્લાનું પાંદુ ચટાચટ બોલે,
આકડાનું પાંદુ બોબળુ બોલે."

આ ઉપરાંત લોકગીતો જોઈએ તો :

"કિયા તે ગામનો વાસી, સોનાજી
કિયા તે ગામનો વાસી રે લોલ."

કેટલાક ગીતો એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં પહોંચ્યા હોય તેવા પણ મળે છેઃ

"પિયાની ગજવેલ લીધી બાબુડા સેલ,
પિયાની ગજવેલ લીધી રે લોલ."

'વહુએ વગોવ્યા મોટા ખોરડા રે લોલ' સૌરાષ્ટ્રના આ લોકગીત જેવી જ પીડા દર્શાવતું ગીત :

"ઊંચી રબારણ ઊજળી,
એને ખભે તે રોળું હીરનું,
માથે બેડલિયું દૂધનું."

જેમાં રબારણ જ્ઞાતિવિશેષ નારી નામે સુખદુખની વેદના, કાનભંભેરણી અને પછી સંબંધોની હારમાળા અને અંતે નિસહાય વેદના જે એ વિસ્તારની કહાની બયાન કરે છે. તો મણિયારાનું ગીત, મીરખાનજીના કાગળ, જેરિયા રમે જેરિયા વગેરે લોકગીતો અને આ ઉપરાંત અનેક લોકગીતો જોવા મળે છે.

બનાસકાંઠાના ઠાકોરોમાં હડીલા પ્રકારના ગીતો દિવાળીના તહેવારો ઉપર ગવાય છે જે પણ ઉત્તર ગુજરાતનું નજરાણું છે. ઉત્તર ગુજરાતના પાટીદારો, નાગર બ્રાહ્મણોનાં લગ્નગીતો, ખેડબ્રહ્માનાં ભીલોનાં લગ્નગીતો, ધાર્મિક ગીતો, સામાજિકગીતો વગેરે મળે છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતનાં લોકસાહિત્યમાં ગરબા, જોડકણાં, પાંચીકડા, સોરઠા જેવા પદ્યદેહે વિહરતા અનેક સ્વરૂપો જોવા મળે છે.

લોકસંસ્કૃતિની પરંપરાને આજે પણ અમૂલ્ય સાહિત્યદ્વારા જાળવી રાખી છે. ઈતિહાસમાં તે અમર બની કાયમ તેના સ્મરણો મળી રહેશે. સંસ્કૃતિનાં મૂલ્યાંકન કરવાનાં હોય તો એનામાં પ્રાણભૂથ એવા અધ્યાત્મભાવ, માનવભાવ, ભક્તિ, શક્તિ, સૌંદર્ય અને કલાના સંસ્કારોથી એનું તોલન કરવું જોઈએ. લોકસંસ્કૃતિનું સ્વરૂપ શૌર્ય, સૌંદર્ય, સંતપરંપરા, સાંપ્રદાયિક એકતા, સાહસિકતા ને ભિન્ન ભિન્ન જાતિઓનાસાંસારિક સમન્વયથી ઘડાયેલું છે. એનું પ્રતિબિંબ લોકોના આચાર, વ્યવહાર, આદર – આતિથ્ય, ધર્મ, માન્યતાઓ, પશુપ્રેમ, ગૃહકળા, ગૃહરચના, આલંકારો, આભૂષણો, કથા, વાર્તા, રાસ, રાસડા, ગીત, સંગીત, ઉતસવો, આખ્યાયિકાઓ વગેરેમાં જોઈ શકાય છે.

ઉત્તર ગુજરાતમાં વિવિધ જ્ઞાતિઓ ધરાવતા લોકો વસે છે. તેમાં તમામ જ્ઞાતિઓનો પહેરવેશ, રીતરિવાજો, ધર્મ અને બોલીઓથી અલગ પડતો સમાજ પોતાની સંસ્કૃતિની આગવી ઓળખ ઉભી કરે છે. દરેક જ્ઞાતિનાલોકો પોતાના ધર્મને અનુસરતા હોય છે. અને તમામ લોકોનો પોત – પોતાનો વ્યવસાય હોય છે. તેમાં રબારી સમાજમાં ભરતકલાનું ખૂબ જ મહત્વ છે. ભરત- ગૂંથણ, આભલા ભરત, હીર ભરત, મોતીકામ, તથા ચિત્રકળા વગેરે કલાઓ તેમની પાસે જોવા મળે છે. નવરાશ મળે કે ભરતકામ સ્ત્રીઓ ઉપાડે જ. તેઓ નાની દીકરીઓની આંગળીઓથી માંડી, કમખા કાપડને ઓઢણામાં રંગબેરંગી હીર ભરે ને આભલા ટાંકે. રંગોની મિલાવતમાં આભલા ચમકાવે. આ સિવાય ઘોડિયાના ખોયા, ચાકળા, તોરણ, આણાંની જોળી વગેરે એક પછી એક તૈયાર કરે છે. તેમનાં તમામ કપડામાં જાતજાતના હીર અને સુતરથી ચિત્રો ભરેલા અને આભલાં ટાંકેલાહોય છે. તેમાં ચણિયાચોળી, જીમી-કાપડા, ચાકળા, ચંદરવા, તોરણ વગેરેનો સમાવેશ થાય છે. આ સિવાય મકાનની દીવાલો ઉપર પણ માટીનાં લીપણથી ઉપસાવેલા સુંદર પશુ-પંખીનાં અને અન્ય કલાકૃતિવાળા ચિત્રો દોરેલા હોય છે. આ પરંપરા પેઢીઓથી ચાલી આવે છે.

ઉત્તર ગુજરાતના ઈતિહાસમાં ગુજરાતી ભાષાના મૂળ અને કુળ પડેલા છે. ગુજરાતી ભાષામાં સૌથી પેહલા પોતાનું અમૂલ્ય યોગદાન આપનાર મોટા ગજાના કવિ હેમચંદ્રાચાર્ય આવે છે. તેમણે ગુજરાતી ભાષાને જીવંત બનાવી છે. 'સિદ્ધહેમશબ્દાનુશાશન' ગ્રંથ આપીને ગુજરાતી

ભાષાને અમરત્વ મળ્યું છે. ગુજરાતની રાજધાની પણ પાટણ. જેથી આપણે કલ્પના કરીએ તો તે સમયમાં પણ ઉત્તર ગુજરાત આગવી શૈલી ઉપજાવતુ હશે. સૌથી પહેલા ગુજરાતી સાહિત્યના વિકાસના મંડાણ મંડાણા હોય તો તે ઉત્તર ગુજરાતમાં કહી શકીએ. ઉત્તર ગુજરાતની સાહિત્યની ધરોહર સૌથી જૂનામાં જૂની ખેડાયેલી જોવા મળે છે. ગુજરાતી ભાષાના કવિ હેમચંદ્રાચાર્યના નામથી જ ઉત્તર ગુજરાતની યુનિવર્સિટીનું નામ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી રાખવામાં આવ્યું છે. જેથી એ નાતે પણ આપણે કવિના પ્રદાનને મૂલવી શકીએ. ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને રાજવીઓની ગાથાઓ આજે પણ લોકહૈયે અમરત્વ પામી છે. લોકસાહિત્યનાં ગ્રંથો દ્વારા પેઢીદર પેઢીને આ કથાઓથી માહિતગાર બનાવશે. વિસરાઈ જતી વિરાસતમાં હજું પણ લોકસંસ્કૃતિની ખાસિયતો છલોછલ ભરેલી પડી છે. લોકસાહિત્યના સંશોધકો – સંપાદકોએ પોતાનો કિંમતી સમય આપીને આ ધરોહરને ઉજાગર કરવાનો યશ મેળવ્યો છે. હેમચંદ્રાચાર્ય બાદ પણ ગુજરાતી ભાષામાં અમૂલ્ય પ્રદાન આપનાર અનેક કવિઓ અને સાહિત્યકારો મળે છે. ત્યારપછી પણ ગુજરાતી ભાષાના વિકાસને આગળ ધપાવ્યો છે અને અનેક સાહિત્યકારોએ પોતાના કિંમતી સમયનો ફાળો આપીને લોકસાહિત્યને અને લોકસંસ્કૃતિને જાળવવાનો ઉપક્રમ સેવ્યો છે . જેથી આજે પણ આપણે આપણા લોકસાહિત્ય દ્વારા પ્રાચીન યુગની ગાથાઓને મૂલવી શકીએ છીએ. આપણી પરંપરાઓ અને ધર્મને અનુસરિએ છીએ. ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય દ્વારા આપણને વડવાઓની કથાઓ અને લોકવાયકાઓના સંસ્મરણોની યાદ અપાવે છે. ઝવેરચંદ મેઘાણીની એક પંક્તિ યાદ આવેઃ

“ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદિથેલી ભોમ પર યૌવન માંડે આંખ.”

આમ, ઉત્તર ગુજરાતની અજાયબીઓ અને કલાઓની કસબીઓ આજે પણ જોવા મળે છે. “મા” જગતજનની જગદંબા, બાવન શક્તિપીઠમાંનુ એક સ્થળ ‘ગબ્બર’ ઉત્તર ગુજરાતની શિરમોર મોખરે છે. આ સાથે જ માતૃશ્રાદ્ધનું એકમાત્ર સ્થાન સિધ્ધપુર પાટણ ઈતિહાસમાં આલેખાયુ છે. મોઢેરાનું સૂર્ય મંદિર અને અનેક લોકહૈયે ઘૂંટાયેલ લોકકથાઓનો રણકો આજે પણ સંભળાય છે. લોકગીતોના મધુર ગાન અને સંગીત આજે પણ લોકહૃદયમાં ગુંજ્યા કરે છે. ગુજરાતી ભાષામાં લોકસાહિત્ય ગ્રંથ દ્વારા માનવ મહેરામણની ધરોહરને અનેક દાયકાઓ સાથે ફળીભૂત કરશે. જે ભાવિ પેઢીઓને પણ માહિતગાર કરશે.